પોલીસ ઇન્સ્પેક્ટરશ્રીની કચેરી ચાંદખેડા પોલીસ સ્ટેશન
અમદાવાદ શહેર
ફોન.નં: ૦૭૯ ૨૩૨૯૧૨૮૦, ૨૩૨૯૧૨૭૫
E-mail : polstn-chandkh-ahd@gujarat.gov.in

# પ્રેસનોટ

## ગંજીફા પાનાનો જુગાર રમતા ઈસમોને પકડી પાડતો ચાંદખેડા પોલીસ સ્ટેશન

મે, પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તેમજ મે, સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-1 તથા મે, ના.પો.કમિ.શ્રી ઝોન-2 તથા મે, મ.પો.કમિ.શ્રી "એલ" ડીવીઝન સાહેબ તથા ચાંદખેડા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર બી.કે.ગમાર સાહેબ શ્રીનાઓ તરફથી જુગારના કેસો શોધી કાઢવા સારુ આપેલ સુચના આધારે આજ રોજ પો.સ.ઇ. પી.એસ.ચૌધરી સા. તથા સર્વેલન્સ સ્ટાફના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમા પેટ્રોલીંગ દરમ્યાન અ.હે.કો.દિનેશભાઈ ધનજીભાઈ બ.નં.3450 નાઓની બાતમી હકિકત મળેલ કે મોટેરા " એસ " મોલના દુકાન નં.A/23/7 ચાંદખેડા અમદાવાદ શહેર ખાતે કેટલાક ઈસમો ભેગા મળી ગંજાપાના ઉપર નાણાની હારજીતનો જુગાર રમી રમાડે છે જે પ્રવૃતી હાલમા ચાલુ છે જે હકિકત આધારે પંચો સાથે સદરી હકિકતવાળી જગ્યાએ રેઈડ કરતા જુગાર રમતા છ ઈસમોને પકડી પાડી તેઓની પાસેથી રોકડ નાણા રૂ.59,230/- તેમજ મોબાઈલ ફોન નંગ-08 કિં,રુ,1,13,000/- તથા ટુ વ્હિલર તેમજ ફોર વ્હીલર ગાડી-05 જેની કિં.રુ.14,50,000/- ની મળી કુલ્લે કિં.રુ. 16,22,230/- ની મતાનો મુદ્દામાલ તપાસ અર્થે કબ્જે કરી સદરી ઈસમો વિરુધ્ધ કાયદેસરની કાર્યવાહી કરી ગણનાપાત્ર કેસ શોધી કાઢવામા આવેલ છે. તા.24/08/2019

( બી.કે.ગમાર )
પોલીસ ઇન્સ્પેક્ટર
ચાંદખેડા પોલીસ સ્ટેશન
અમદાવાદ શહેર

Scanned by CamScanner

# પ્રેસ-નોટ

## ચાંદખેડા વિસ્તારમાંથી પૈસાપાનાથી હારજીતનો જુગાર રમી રમાડતાં કુલ ૧૩ ઇસમોને કુલ્લે રૂપીયા ૨,૪૩,૧૭૦/- ના મુદ્દામાલ સાથે ઝડપી લેતી ચાંદખેડા પોલીસ

મે.પોલીસ કમીશ્નરશ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમીશ્નર શ્રી સેક્ટર-૧ તથા ના.પો.કમિ.શ્રી ઝોન-૨ સાહેબ તેમજ મદદનીશ પોલીસ કમીશ્નર શ્રી ‘એલ’ડીવીઝન અમદાવાદ શહેર નાઓ તરફથી હાલમાં જન્માષ્ટમીનો તહેવાર ચાલતો હોય જુગારના કેસો શોધી કાઢવા સારૂ આપેલ સુચના આધારે આજરોજ અમો તેમજ સ્ટાફના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન સાથેના પો.કોન્સ. ધર્મેન્દ્રકુમાર નવઘણજી બ.નં.૧૦૦૪૪ નાઓને એક ખાનગી બાતમીદારથી બાતમી હકીકત મળેલ કે મોટેરા આશારામ આશ્રમ પાસે શિવનગર સોસાયટી ખાતે મકાનના ઘાબા ઉપર ખુલ્લામાં કેટલાક ઇસમો ભેગામળી ગંજીપાનાથી નાણાંની હારજીતનો જુગાર રમી રમાડે છે. જે પ્રવુત્તી હાલમાં ચાલુ છે જે હકીકત આધારે સ્ટાફના માણસો સાથે પંચો સાથે રાખી હકીકતવાળી જગ્યાએ જઇ રેઈડ કરતાં કુલ ૧૩ ઇસમોને ઝડપી લીધેલ અને તેઓ પાસેથી જુગારના અંગઝડતીના નાણાં રૂ.૧,૩૬,૪૨૦/- તથા દાવના નાણાં રૂ.૪૩,૭૫૦/-તથા મોબાઇલ ફોન નંગ. ૧૦ કિં.રુ. ૬૩,૦૦૦/- મળી કુલ્લે કિં.રૂ.૨,૪૩,૧૭૦/- ની મત્તાનો મુદ્દામાલ કબજે કરી પકડાયેલ ૧૩ ઈસમો વિરુધ્ધ ચાંદખેડા પોલીસ સ્ટેશન સેકન્ડ ગુના રજીસ્ટર નંબર ૩૧૨૯/૨૦૧૯ જુગાર ધારા કલમ ૧૨ મુજબ ગુનો દાખલ કરી તમામ ઇસમો વિરુધ્ધ કાયદેસરની કાર્યાવાહી કરી સારી ગણનાપાત્ર કામગીરી કરવામાં આવેલ છે તારીખ-૨૪/૦૮/૨૦૧૯.

(બી.કે.ગમાર)
પોલીસ ઇન્સપેક્ટર
ચાંદખેડા પોલીસ સ્ટેશન
અમદાવાદ શહેર

પોલીસ ઇન્સ્પેક્ટરશ્રીની કચેરી ચાંદખેડા પોલીસ સ્ટેશન
અમદાવાદ શહેર
ફોન.નં: ૦૭૯ ૨૩૨૯૧૨૮૦, ૨૩૨૯૧૨૭૫
E-mail : polstn-chandkh-ahd@gujarat.gov.in

# પ્રેસનોટ

# ગંજીફા પાનાનો જુગાર રમતા ઈસમોને પકડી પાડતી ચાંદખેડા પોલીસ સ્ટેશન

મે, પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તેમજ મે, સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-1 તથા મે, ના.પો.કમિ.શ્રી ઝોન-2 તથા મે, મ.પો.કમિ.શ્રી "એલ" ડીવીઝન સાહેબ તથા ચાંદખેડા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર બી.કે.ગમાર સાહેબ શ્રીનાઓ તરફથી જુગારના કેસો શોધી કાઢવા સારુ આપેલ સુચના આધારે આજ રોજ પો.સ.ઇ. કે.આર.પટેલ સા. તથા સર્વેલન્સ સ્ટાફના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમા પેટ્રોલીંગ દરમ્યાન અ.હે.કો.રણવીરસીંહ હાથીસીંહ બ.નં.3602 નાઓને બાતમી હકિકત મળેલ કે, મોટેરા ગામના ગેટના સામે આવેલ સ્વસ્તિક કોમ્પ્લેક્ષના દુકાન નં.22 ભાગ્યોદય ગ્લાસ ચાંદખેડા અમદાવાદ શહેર ખાતે કેટલાક ઈસમો ભેગા મળી ગંજીપાના ઉપર નાણાની હારજીતનો જુગાર રમી રમાડે છે જે પ્રવૃતી હાલમા ચાલુ છે જે હકિકત આધારે પંચો સાથે સદરી હકિકતવાળી જગ્યાએ રેઈડ કરતા જુગાર રમતા ચાર ઈસમોને પકડી પાડી તેઓની પાસેથી રોકડ નાણા રૂ.54,750/- તેમજ મોબાઈલ ફોન નંગ-05 કિં,રૂ,27,000/- તથા ટુ વ્હિલર તેમજ ફોર વ્હીલર ગાડી-02 જેની કિં.રૂ.3,00,000/- ની મળી કુલ્લે કિં.રૂ. 3,96,750/- ની મતાનો મુદ્દામાલ તપાસ અર્થે કબ્જે કરી સદરી ઈસમો વિરુધ્ધ કાયદેસરની કાર્યવાહી કરી ગણનાપાત્ર કેસ શોધી કાઢવામા આવેલ છે. તા.24/08/2019

( બી.કે.ગમાર )
પોલીસ ઇન્સ્પેક્ટર
ચાંદખેડા પોલીસ સ્ટેશન

Scanned by CamScanner